# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## પ્રેસનોટ

સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાંથી પસાર થતી કોયલી ખાડીના એમ્બેકમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત રી-મોડલીંગ અને રી-સ્ટ્રકચરીંગની કામગીરી કરવાની રહેતી હોય, સદર કામગીરીની અસર હેઠળ આવતા સ્લમ વિસ્તારના ઝુપડાઓનું ડ્રેનેજ વિભાગ સાથે સંયુક્ત રીતે કરવામાં આવેલ સર્વે મુજબ આ પ્રોજેક્ટને અસરગ્રસ્ત ડ્રેનેજ વિભાગ દ્વારા સુચિત કરવામાં આવેલ ઝુપડાઓને દૂર કરવા જરૂરી હોય તા.૩૧/૦૧/૨૦૨૪ તથા તા.૦૧/૦૨/૨૦૨૪ ના રોજ ફા.ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા), ફા.પ્લોટ નં.૧૮૪, માં આવેલ પંચશીલ નગર વસાહતના કોયલી ખાડીના એમ્બેકમેન્ટ પ્રોજેક્ટની કામગીરીની અસર હેઠળ આવતા કુલ ૭૫ ઝુપડાઓ પૈકી ૫૨(બાવ્વન) કાચા-પાકા માળખાના ઝુપડાઓના ડીમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે. સદર કામગીરીથી અંદાજીત ૧૨૦૦.૦૦ ચો.મી. વિસ્તાર ખૂલ્લો કરવામાં આવેલ છે. તથા સદર કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી મ્યુનીસિપલ કમિશનરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના ૦૧ ડે.ઇજનેર, શહેર વિકાસ વિભાગના ૦૫ જુની./આસી ઇજનેર, ૦૫ સુપરવાઇઝર/ટેક.આસી. તેમજ ૧૭ જેટલા બેલદારો તથા સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં ૫૦૯**
તા.૦૧/૦૨/૨૦૨૪